# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-10-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સંમેલનમાં સભ્ય દેશોને આતંકવાદ અને આતંકી પ્રવૃત્તિઓ માટે ભંડોળ આપનારા સામે કડકાઈથી પગલાં લેવા જણાવ્યું
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય પરિસંવાદ ધ ચાણક્ય ડિફેન્સ ડાયલોગ્સની બીજી આવૃત્તિનું ઉદઘાટન કરશે.
3) જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ આજથી ભારતની ત્રણ દિવસની મુલાકાતેઃ
4) સરકારે આ વર્ષથી બે વર્ષ માટે સરદાર પટેલની 150મી જન્મજયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાની જાહેરાત કરી
5) ભારત અને ન્યુઝીલેન્ડ આજે પૂણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની બીજી ટેસ્ટમાં ટકરાશે.
6) ગંભીર ચક્રવાત 'દાના' આજે મોડી રાત્રે અથવા આવતીકાલે વહેલી સવારે ઓડિશાના દરિયાકાંઠે સ્પર્શે તેવી સંભાવના

## *PM BRICS ADDRESS*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સના સભ્ય દેશોને કહ્યું કે, 'તેઓ સંગઠિત થઈ સહયોગ સાથે આતંકવાદ અને આતંકી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરૂં પાડનારાઓનો કડકાઈથી સામનો કરશે.' શ્રી મોદીએ કહ્યું, 'આ ગંભીર મુદ્દા પર બેવડા માપદંડ માટે કોઈ સ્થાન નથી.' ગઇકાલે રશિયાના કઝાનમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને**

દક્ષિણ આફ્રિકાના બનેલા બ્રિક્સ શિખર સંમેલનની 16મી આવૃત્તિના સમાપનસત્રને સંબોધતા શ્રી મોદીએ આમ કહ્યું હતું.

શ્રી મોદીએ ઉમેર્યું કે, 'યુવાનોને કટ્ટર બનાવતી શક્તિઓને રોકવા માટે સક્રિયતાથી કામ કરવું પડશે.' તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં વિચારણા હેઠળ રહેલા આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સમજૂતીના મુદ્દા પર કામ કરવાનું પણ આહ્વાન કર્યું હતું. શ્રી મોદીએ સાયબર સલામતી અને કૃત્રિમ બુદ્ધિમત્તાને સલામત બનાવવા માટે વૈશ્વિક દિશાનિર્દેશ પર કામ કરવા પર પણ ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ કહ્યું કે, 'ફુગાવાને નિયત્રણમાં લાવવું અને ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરવી તથા ઊર્જા, આરોગ્ય અને પાણી જેવા વિષય દરેક દેશ માટે પ્રાથમિકતાના મુદ્દા છે.'

દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શિખર સંમેલનમાં હાજરી આપીને ગઈ કાલે રાત્રે સ્વદેશ પરત ફર્યા હતા. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ ચીનના પ્રમુખ શી જીનપિંગ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુટિન અને ઇરાનના નવા નિયુક્ત રાષ્ટ્રપતિ મસૌદ પેઝેશ્કિયાન સાથે અલગથી મંત્રણા કરી હતી. શ્રી મોદીએ ઉઝબેકિસ્તાનના પ્રમુખ શાવકત મિર્ઝીયોયેવ અને યુએઇના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે પણ દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

.................

## *RAJNATH – CHANAKYA*

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સેમિનાર ધ ચાણક્ય ડિફેન્સ ડાયલોગ્સની બીજી આવૃત્તિનું ઉદઘાટન કરશે. તેઓ આ પ્રસંગે ભારતીય લશ્કરનાં ગ્રીન ઇનિશિયેટિવ 1.0 અને ડિજિટાઇઝેશન ઓફ IA 1.0. પણ શરૂ કરશે. શ્રી સિંહ વિકાસ અને સલામતી માટે ભારતનાં દ્રષ્ટિકોણ વિષય પર ચાવીરૂપ ભાષણ આપે. લશ્કરી દળના વડા ઉપેન્દ્ર દ્વિવેદી પણ પરિસંવાદને સંબોધન કરશે. બે

દિવસનાં આ  પરિસંવાદમાં નીતિ ઘડવૈયાઓ, વ્યૂહાત્મક વિચારકો, શિક્ષણવિદો, સંરક્ષણ નિષ્ણાતો અને વિજ્ઞાનીઓ ઉપસ્થિત રહેશે. સંવાદમાં અમેરિકા, રશિયા, ઇઝરાયેલ અને શ્રીલંકાના અગ્રણી વક્તાઓ પણ ભાગ લેશે.

.................

## *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે. ઉપરાંત My Gov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

.................

## *GERMAN CHANCELLOR INDIA*

જર્મન ચાન્સેલર ઑલાફ શૉલ્જ આજથી ત્રણ દિવસ માટે ભારતના પ્રવાસે આવશે. તેઓ આ શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સાતમા આંતર-સરકારી પરામર્શ સમૂહની IGCની સહ-અધ્યક્ષતા કરશે. IGC એ સરકારી વ્યવસ્થા છે, જેની હેઠળ બંને પક્ષના મંત્રી પોતપોતાની જવાબદારીવાળા ક્ષેત્રો પર ચર્ચા કરીને તેના નિષ્કર્ષનો અહેવાલ પ્રધાનમંત્રી અને ચાન્સેલરને સુપરત કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચાન્સેલર શૉલ્જ સલામતી સહયોગ, આર્થિક સહયોગ, સતત વિકાસ ભાગીદારી અને વ્યૂહાત્મક ટેક્નૉલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવા પર દ્વિપક્ષીય સંવાદ કરશે. બંને નેતા જર્મનીના વેપારના 18મા એશિયા પ્રશાંત સંમેલનને પણ સંબોધિત કરશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *P K BANDOPADHYAY DEATH*

આકાશવાણી સમાચારના ભૂતપુર્વ મહાનિદેશક પી કે બંદોપાધ્યાયનું ગઈ કાલે કોલકતામાં અવસાન થયું. હૃદયરોગનાં હૂમલા બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા. ભારતીય માહિતી સેવાના ભૂતપુર્વ અધિકારી શ્રી બંદોપાધ્યાયે આકાશવાણી સમાચાર, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો સહિત માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિવિધ એકમોમાં લાંબા સમય સુધી ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હતું.

.................

## *GOVT-PATEL BIRTH ANNIVERSARY*

સરકારે આ વર્ષથી બે વર્ષ માટે સરદાર પટેલની 150મી જન્મજયંતીની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાની જાહેરાત કરી છે. સરદાર પટેલે દેશ માટે આપેલા પ્રદાનનું સન્માન કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, આ ઉજવણી સરદાર પટેલ નોંધપાત્ર સિધ્ધિઓ અને એકતાની

ભાવનાનું પ્રતીક છે. સરદાર પટેલનાં પ્રદાન પર ભાર મૂકતા શ્રી શાહે જણાવ્યું કે, વિશ્વની સૌથી મજબૂત લોકશાહીની સ્થાપના પાછળનાં સ્વપ્નદ્રષ્ટા તરીકેનો તેમનો કાયમી વારસો અને કાશ્મીરથી લક્ષદ્વીપ સુધી ભારતને એક કરવામાં તેમની મુખ્ય ભૂમિકા અવિસ્મરણીય છે.

.................

## INDIA-NEWZEALAND MATCH

ભારત અને ન્યુઝીલેન્ડ આજે પૂણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે શ્રેણીની બીજી ટેસ્ટમાં ટકરાશે. મેચ સવારે 9:30 વાગ્યે શરૂ થશે. ભારત શ્રેણીની પ્રથમ મેચમાં હાર્યા બાદ પુનરાગમન કરવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

પ્રથમ ટેસ્ટમાં, ન્યુઝીલેન્ડે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ભારત સામે ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. 1988 પછી ભારતમાં તેમની પ્રથમ ટેસ્ટ જીત અને ભારતીય ધરતી પર 37 મેચોમાં તેની માત્ર ત્રીજી જીત હતી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં સ્થાન મેળવવા અંતિમ હરિફાઇ ચાલી રહી હોવાથી ભારતે આ મેચ જીતવી જ પડશે, કારણ કે તેણે નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં

પડકારજનક બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શ્રેણી રમવાની છે.

.................

## ACC MEN'S T20 EMERGING TEAMS ASIA CUP

પુરુષો માટેની ACC T20 ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપમાં, ભારત A એ ગઈ કાલે સાંજે અલ અમીરાત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યજમાન

ઓમાનને છ વિકેટથી હરાવ્યું હતું. ભારત A એ મજબૂત બોલિંગ દ્વારા ઓમાનને નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 140 રન પર મર્યાદિત કરી દીધું. ભારતે 28 બોલ બાકી હતા ત્યારે જીત મેળવી હતી. આયુષ બદોનીએ અડધી સદી ફટકારી હતી. આ જીત સાથે, તિલક વર્માની આગેવાની હેઠળની ભારત A ટુર્નામેન્ટમાં અજેય રહીને

સેમિફાઇનલ માટે ક્વોલિફાય થયું છે. આવતીકાલે બીજી સેમિફાઇનલમાં તે અફઘાનિસ્તાન A સામે ટકરાશે જ્યારે બીજી સેમિફાઇનલમાં પાકિસ્તાન A શ્રીલંકા A સામે ટકરાશે. ફાઈનલ રવિવારે રમાશે.

.................

## *CYCLONE DANA*

પૂર્વ-મધ્ય બંગાળની ખાડી પર સર્જાયેલું ગંભીર ચક્રવાત 'દાના' આજે મોડી રાત્રે અથવા આવતીકાલે વહેલી સવારે ભીતરકણિકા અને ધામરા વચ્ચે ઓડિશાના દરિયાકાંઠાના સ્પર્શે તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં તેની વ્યાપક અસર સાથે 100 થી 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની આગાહી કરી છે.

ગંભીર ચક્રવાત પારાદીપથી 420 કિલોમીટર, ઓડિશાના કાંઠા ધામરાથી 450 કિલોમીટર અને પશ્ચિમ બંગાળના કિનારે આવેલા સાગર ટાપુથી 500 કિલોમીટર દૂર છે અને તે બંગાળની ખાડીમાં 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

ઓડિશાના કેન્દ્રાપાડા, બાલાસોર અને ભદ્રક જિલ્લાઓ અતિ ભારે વરસાદ સાથે 'દાના'થી સૌથી વધુ પ્રભાવિત થશે, જ્યારે રાજ્યના અન્ય 11 જિલ્લાઓ પણ તેના પ્રભાવ હેઠળ ભારે વરસાદનો અનુભવ કરશે.

ભુવનેશ્વરના બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી આવતી અને જતી તમામ હવાઈ સેવાઓ આજે સાંજે 5 થી આવતીકાલે સવારે 9 સુધી રદ કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને બહુહેતુક ચક્રવાત કેન્દ્રોમાં ખસેડવામાં આવ્યા છે.

તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને અનેક સરકારી સંસ્થાઓ આવતીકાલ સુધી બંધ રાખવામાં આવી છે. ડોકટરો અને સરકારી કર્મચારીઓની

રજાઓ રદ કરવામાં આવી છે, જ્યારે મોટી સંખ્યામાં પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી છે. માછીમારોને દરિયામાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ભારતીય તટરક્ષક દળએ ચક્રવાત દાના ત્રાટકે તે પહેલાં જાનમાલનું રક્ષણ કરવા શ્રેણીબધ્ધ આગોતરાં પગલાં લીધાં છે. પરિસ્થિતિ પર દળની ઝીણવટભરી નજર છે.

દરમિયાન, સંબંધિત ઝોનલ રેલવેની તૈયારીની સમીક્ષા કરવા ગઈ કાલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનાં વડપણ હેઠળ બેઠક યોજાઈ હતી, જેમાં રેલ સેવાઓ પૂર્વવત કરવા માટે ચોવીસ કલાકનાં નવ વોર રૂમ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી સુનિતા ચૌહાણ....

- આજે મોટાભાગના અખબારોએ બ્રિક્સ સંમેલનમાં પ્રધાનમંત્રી મોદી અને શિ જિનપિંગ વચ્ચેની બેઠકના સમાચારોને મુખ્ય મથાળા તરીકે સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – રશિયામાં બ્રિક્સ સંમેલન વચ્ચે મોદી -જિનપિંગની દ્વીપક્ષીય બેઠક – સરહદે શાંતિ, સન્માન અને ભરોસો જરૂરી - મોદી
- સંદેશ અખબાર લખે છે – પીએમ મોદીએ પાંચ વર્ષ બાદ ચીની પ્રમુખ જિનપિંગ સાથે દ્વીપક્ષીય મંત્રણા કરી – LAC પર શાંતિ-સ્થિરતા અમારી પ્રથામિકતા – મોદી
- ઓડિશા અને બંગાળ પર દાના વાવાઝોડાનું સંકટ, 1 લાખથી વધુ લોકોનું સ્થળાંતર - આ સમાચારને મોટાભાગના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- રાજ્યના ખેડૂતો માટે 1420 કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર થયાના સમાચારને મોટાભાગના અખબારોએ પ્રાદેશિક પાના પર સ્થાન આપ્યું છે.

- ભવ્ય રોડ શો સાથે પ્રિયંકા ગાંધીએ વાયનાડમાં લોકસભાની પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું – આ સમાચારોને નવગુજરાત સમાચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ફૂલછાબ અને નવગુજરાત સમયે પણ બ્રિક્સ શિખર સંમેલનમાં પીએમ મોદી-શિ જિનપિંગની મુલકાતના સમાચારોને મથાળા તરીકે સ્થાન આપ્યું છે.

--------------